# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-05-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

*****************************************************

1) પાકિસ્તાને 400 ડ્રોનનો ઉપયોગ કરી ભારતના 36 સ્થળ પર ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો -ભારતીય સેનાએ અનેક ડ્રોન તોડી પાડ્યા.
2) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે પશ્ચિમી સરહદ પર સુરક્ષા સ્થિતિ અને ભારતીય સશસ્ત્ર દળોની કામગીરીની તૈયારીઓની સમીક્ષા કરી.
3) કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું, દેશમાં ખાદ્ય સામગ્રીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.
4) એપ્રિલ મહિનામાં ભારતના મ્યૂચ્યૂઅલ ફંડ રોકાણમાં ઐતિહાસિક વૃદ્ધિ નોંધાઈ.
5) નવી દિલ્હીમાં નિશાનબાજી સ્પર્ધામાં મહારાષ્ટ્રના બે ખેલાડીએ સુવર્ણ ચંદ્રક જીત્યો.
6) BCCI એ-IPL 2025ના આગળના સત્રને એક સપ્તાહ માટે તાત્કાલિક રદ કરવાની જાહેરાત કરી.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# MEA SPL BRIEFING

પાકિસ્તાને ગત રાત્રે અંદાજે 400 ડ્રોનનો ઉપયોગ કરીને લેહ અને સિરક્રીક સુધી 36 સ્થળ પર ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો. ભારતીય સશસ્ત્ર સેનાઓએ ઘણા ડ્રોનને તોડી પાડ્યા. નવી દિલ્હીમાં વિશેષ સંવાદદાતા સંમેલનમાં ભારતીય સેનાનાં કર્નલ સોફિયા કુરૈશીએ કહ્યું, પાકિસ્તાની સેનાએ સમગ્ર પશ્ચિમી સરહદ પર ઘણી વાર ભારતીય હવાઈ ક્ષેત્રનું ઉલ્લંઘન કર્યું. તેમજ સૈન્ય ઢાંચાને પણ નિશાન બનાવવા પ્રયાસ કર્યો.

(BYTE: SOFIA QURESHI)

કર્નલ કુરૈશીએ કહ્યું, પાકિસ્તાને નિયંત્રણ રેખા પર ભારી હથિયારોથી ગોળીબાર કર્યો. તેમણે કહ્યું, ડ્રોનના કાટમાળની ન્યાયસહાયક તપાસ કરવામાં આવી રહી છે અને પ્રાથમિક માહિતી પરથી જાણવા મળ્યું કે, આ ડ્રોન તુર્કીએમાં બન્યા હતા.

વિન્ગ કમાન્ડર વ્યોમિકા સિંઘે કહ્યું, પાકિસ્તાની હુમલાના જવાબમાં ભારતીય સશસ્ત્ર ડ્રોન પાકિસ્તાનમાં ચાર હવાઈ સંરક્ષણ ઠેકાણા પર છોડવામાં આવ્યા અને તેમાંથી એક ડ્રોન પાકિસ્તાનના એડી રડારને નષ્ટ કરવામાં સફળ રહ્યું. તેમણે કહ્યું, પાકિસ્તાને નિયંત્રણ રેખા પર ભારે તોપ અને સશસ્ત્ર ડ્રોનનો ઉપયોગ કરીને ગોળીબાર કર્યો, જેમાં ભારતીય જવાનોને નુકસાન પહોંચ્યું. ભારતની વળતી કાર્યવાહીથી પાકિસ્તાની સેનાને પણ ભારે નુકસાન થયું છે.

# PM MODI MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ત્રણેય સેનાના વર્તમાન અને પૂર્વ પ્રમુખ તેમજ ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ અનિલ ચૌહાણ સાથે મુલાકાત કરીદરમિયાન . વર્તમાન સ્થિતિ અને વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી.

# DEFENCE HOME MEETING

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘની અધ્યક્ષતામાં આજે નવી દિલ્હીમાં ઉચ્ચસ્તરની બેઠક યોજાઈ. દરમિયાન શ્રી સિંઘે પશ્ચિમી સરહદ પર સુરક્ષા સ્થિતિ અને ભારતીય સશસ્ત્ર દળોની કામગીરીની તૈયારીઓની સમીક્ષા કરી. બેઠકમાં સંરક્ષણ અધ્યક્ષ અનિલ ચૌહાણ, સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી, વાયુસેનાના પ્રમુખ એર ચીફ માર્શલ અમરપ્રીત સિંઘ અને નૌકાદળના પ્રમુખ એડમિરલ દિનેશ કે. ત્રિપાઠી ઉપસ્થિત રહ્યા. બેઠકમાં સંરક્ષણ સચિવ આર. કે. સિંઘ પણ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ સરહદ સુરક્ષા દળ, કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ- C.I.S.F. અને નાગરિક ઉડ્ડયન સુરક્ષા બ્યૂરોના મહાનિદેશકો સાથે બેઠક યોજી.

# HEALTH MEETING

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાની અધ્યક્ષતામાં આજે ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ. દરમિયાન શ્રી નડ્ડાએ આરોગ્ય મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ સાથે કટોકટી આરોગ્ય પ્રણાલિઓની તૈયારીઓની સમીક્ષા કરી. નવી દિલ્હીમાં યોજાયેલી બેઠકમાં શ્રી નડ્ડાને દેશભરની આરોગ્ય પ્રણાલિઓ અને સંશાધનોને મજબૂત કરવા લેવાયેલા તાત્કાલિક અને વ્યાપક ઉપાય અંગે માહિતી અપાઈ.

હૉસ્પિટલ અને આરોગ્ય સંસ્થાઓને જરૂરી દવાઓ, રક્ત, ઑક્સિજન, અને ટ્રૉમા કૅર કિટનો પૂરતો જથ્થો સુનિશ્ચિત કરવા કહેવાયું છે. નવી દિલ્હીના અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થા અને અન્ય કેન્દ્રીય સરકારી હૉસ્પિટલ્સે આવશ્યક આરોગ્ય પૂરવઠાની સાથે જ ડૉક્ટર્સ અને નર્સની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી છે. હૉસ્પિટલ્સને રાજ્ય અને જિલ્લા વહીવટી તંત્ર, સશસ્ત્ર દળો અને તબીબોના પ્રાદેશિક સંઘો તેમજ ખાનગી ક્ષેત્રની હૉસ્પિટલ્સ સાથે સંકલનથી કટોકટી પ્રતિક્રિયા નૅટવર્કને મજબૂત કરવા પણ સલાહ અપાઈ છે.

આરોગ્ય મંત્રીએ એ પણ સુનિશ્ચિત કરવા કહ્યું કે, તમામ કટોકટી પ્રતિભાવ તબીબી આરોગ્ય પ્રણાલિઓ દરેક સમયે પર્યાપ્ત રીતે સુસજ્જ અને કાર્યરત્ રહે. તેમણે એ પણ નિર્દેશ આપ્યો કે, જો જરૂર પડે તો તાત્કાલિક કટોકટી આરોગ્ય સેવા સુનિશ્ચિત કરવા તમામ રાજ્ય સરકારો, ખાસ કરીને સરહદી રાજ્યોની સાથે પાયાના સ્તરે અસરકારક રીતે સંપર્ક સ્થાપિત કરવામાં આવે. તેમણે કહ્યું, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય સ્થિતિ પર ઝીણવટપૂર્વક નજર રાખી રહ્યું છે અને કટોકટી સ્થિતિમાં તમામ ક્ષેત્રમાં અવિરત આરોગ્યસંભાળ સેવાઓ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે.

# SHIVRAJ JOSHI FOOD RESERVES

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું, દેશમાં ખાદ્ય સામગ્રીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. શ્રી ચૌહાણે નાગરિકોને કોઈ પણ કટોકટી સ્થિતિમાં શાંત રહેવા આગ્રહ કર્યો છે. નવી દિલ્હીમાં આજે શ્રી ચૌહાણે કહ્યું, સરકાર જમ્મુ-કાશ્મીર અને પંજાબ રાજ્ય સાથે ચર્ચા કરીને સ્થિતિ મુજબ, બીજ અને રોપાની સામગ્રીની વ્યવસ્થા સુનિશ્ચિત કરશે.

(બાઈટઃ શિવરાજસિંહ ચૌહાણ, કેન્દ્રીય કૃષિમંત્રી)

દરમિયાન ગ્રાહક બાબતોના કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોષીએ કહ્યું, આવશ્યક વસ્તુઓના વેપારમાં સામેલ વેપારીઓ, જથ્થાબંધ અને છૂટક વેપારીઓ તથા વ્યવસાયિક સંસ્થાઓને કાયદા અમલીકરણ સંસ્થાઓ સાથે સહયોગ કરવાનો નિર્દેશ અપાયો છે. તેમણે કહ્યું, સંગ્રહખોરી કે સંગ્રહમાં સંડોવાયેલા કોઈ પણ વ્યક્તિ સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ હેઠળ કાર્યવાહી કરાશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# FACT CHECK

ભારતની કાર્યવાહીથી ગભરાયેલું પાકિસ્તાન હવે બનાવટી સમાચાર અને ખોટી માહિતી ફેલાવવા ડિજિટલ સ્પેસનો સહારો લઈ રહ્યું છે. અમારા સંવાદદાતાએ જણાવ્યું, પાકિસ્તાન સોશિયલ મીડિયા પર ભારત વિરુદ્ધ દુષ્પ્રચાર ફેલાવવા અનેક ખોટા અને ભ્રામક સમાચારનો સહારો લઈ રહ્યું છે.

આવા સમયે દરેક માહિતી સાવધાનીથી તપાસી લેવી ઘણી મહત્વની છે. જો આપને પણ કોઈ શંકાસ્પદ માહિતી મળે અને તે પણ ખાસ કરીને ભારતીય સશસ્ત્ર દળો કે પછી વર્તમાન સ્થિતિ સાથે સંકળાયેલી હોય તો તેની સૂચના PIB ફૅક્ટ ચેકને જરૂરથી આપવી જોઈએ. આપ આવી માહિતીને વ્હૉટ્સ ઍપ નંબર 87997 11259 અને ઈ-મેઈલ આઈડી SOCIALMEDIA@PIB.GOV.IN પર પણ મોકલી શકો છો.

# GUJARAT MEETING

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની સતર્કતા અને તૈયારીઓની સમીક્ષા માટે આજે ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજી. મુખ્યમંત્રીએ સરહદી જિલ્લા કચ્છ, બનાસકાંઠા, પાટણ અને જામનગરના વહીવટી તંત્ર, પોલીસ વરિષ્ઠ અધિકારીઓ સાથે વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી સલામતી અને આરોગ્ય વ્યવસ્થાની માહિતી મેળવી.

આંતર-રાષ્ટ્રીય સરહદ પર પ્રવર્તમાન સ્થિતિને પગલે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ 15 મે સુધી તમામ જાહેર અને ખાનગી કાર્યક્રમમાં ફટાકડા ફોડવા અને ડ્રૉનના ઉપયોગ પર પ્રતિબંધની જાહેરાત કરી છે. દરમિયાન ગુજરાત પોલીસે સશસ્ત્ર દળોનું મનોબળ તોડવાના ઉદ્દેશથી દેશવિરોધી ભાવનાઓ ફેલાવવાના આરોપ હેઠળ ચાર F.I.R. પણ નોંધી છે. નાગરિકોને કોઈ પણ ભય કે ગભરામણ વગર સમયસર અધિકારીઓના નિર્દેશોનું પાલન કરવા અને સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓથી બચવાનો અનુરોધ કર્યો છે.

# AMFI DATA APRIL

એસોસિએશન ફોર મ્યૂચ્યૂઅલ ફન્ડ્સ ઇન ઇન્ડિયા- એમ્ફીના આજે જાહેર થયેલા આંકડા મુજબ, એપ્રિલ મહિનામાં ભારતના મ્યૂચ્યૂઅલ ફંડ રોકાણમાં ઐતિહાસિક વૃદ્ધિ નોંધાઈ છે. જ્યારે માસિક વ્યવસ્થિત રોકાણ યોજના- SIPનું યોગદાન 26 હજાર 632 કરોડ રૂપિયા સાથે સૌથી ટોચના સ્તરે પહોંચ્યું છે.

માર્ચ મહિનામાં સક્રિય SIP ખાતા આઠ કરોડ 11 લાખથી વધીને આઠ કરોડ 38 લાખ સુધી પહોંચ્યા છે. સમગ્ર મહિના દરમિયાન 46 લાખ નવા ખાતા ખોલવામાં આવ્યા. જ્યારે કુલ મ્યૂચ્યૂઅલ ફંડ વ્યવસ્થાપન સંપત્તિ- AUM 65 લાખ 74 હજાર કરોડ રૂપિયાથી વધીને વિક્રમી 70 લાખ કરોડ રૂપિયા થઈ છે. આ આંકડા રોકાણકારોના વિશ્વાસ અને વધતી છૂટક ભાગીદારી દર્શાવે છે.

# KHELO INDIA

હવે ખેલો ઇન્ડિયા યૂથ ગેમ્સ અંગેના સમાચાર સાંભળીએ

(ખેલો ઇન્ડિયા થીમ મ્યૂઝિક)

નવી દિલ્હીના ડૉક્ટર કર્ણી સિંઘ શૂટિંગ રેન્જમાં ચાલી રહેલી નિશાનબાજી સ્પર્ધામાં મહારાષ્ટ્રના પાર્થ રાકેશ માને અને શમ્ભવી શ્રવણ ક્ષીરસાગરે 10 મીટર એર રાઈફલ મિશ્ર ટીમ-યુવા વર્ગ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. આ રમતમાં શંભવીએ બીજો સુવર્ણ ચંદ્રક પોતાના નામે કર્યો.

જ્યારે કર્ણાટકના હૃદય શ્રી કોન્ડૂર અને નારાયણ પ્રણવે રજત ચંદ્રક જીત્યો. તો બિહારના દિવ્ય શ્રી અને રુદ્ર પ્રતાપ સિંઘે કાંસ્ય ચંદ્રક જીત્યો છે. આ નિશાનબાજીમાં બિહારનો પહેલો ચંદ્રક છે.

# BCCI SUSPENDS IPL

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ- BCCI-એ ઇન્ડિયન પ્રીમિયર લીગ- IPL 2025નું આગળના સત્રને એક સપ્તાહ માટે તાત્કાલિક રદ કરવાની જાહેરાત કરી છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા સૈન્ય તણાવ, ખાસ કરીને કાશ્મીર ક્ષેત્રમાં હાલમાં સરહદ પાર સર્જાયેલી સ્થિતિ બાદ આ નિર્ણય લેવાયો છે.

BCCI-એ આજે એક નિવેદનમાં જણાવ્યું, સંબંધિત અધિકારીઓ અને ભાગીદારો સાથેની ચર્ચા અને સ્થિતિના વ્યાપક મૂલ્યાંકન બાદ આગળના કાર્યક્રમ અને સ્થળ અંગે માહિતી અપાશે. આ નિર્ણય IPL ગવર્નિંગ કાઉન્સિલ દ્વારા ફ્રેન્ચાઈઝી પ્રતિનિધિઓ સહિત મુખ્ય ભાગીદારો સાથે ચર્ચા કર્યા બાદ લેવાયો હતો.